



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ ૩૪ : 'ભગવાને કળ ચઢાવ્યાનું'નું નિરૂપણ**

**૯ જાન્યુઆરી ૨૦૨૪, 'અક્ષરમહોલ', બ્રહ્મજ્યોતિ, મોગરી**

**શ્રીજીમહારાજ બોલ્યા જે, કીર્તન રાખીને પ્રશ્ન-ઉત્તર કરો. પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, સર્વ સુખના ધામ અને સર્વ થકી પર એવા પરમેશ્વર છે તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી અને માયિક એવાં જે નાશવંત તુચ્છ પદાર્થ તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે તેનું શું કારણ છે ?**

બ્રહ્માનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે, જગતમાં માનવે જે સુખ માન્યાં છે, એ સર્વ સુખ જ્યાંથી પ્રાપ્ત થાય છે એ સુખના ધામ અને સર્વ થકી પર પરમેશ્વર છે, છતાં પણ એવા પરમેશ્વરમાં જીવની વૃત્તિ ચોંટતી નથી અને માયિક તુચ્છ પદાર્થો - ખાવું-પીવું, હરવું-ફરવું, સ્ત્રી-ધન, માન-મોટપ એમાં જીવની વૃત્તિ કેમ ખેંચાઈ જાય છે ?

**પછી તેનો ઉત્તર મુક્તાનંદ સ્વામી કરવા લાગ્યા પણ થયો નહીં. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, એ પ્રશ્નનો ઉત્તર સાંભળો, અમે કરીએ છીએ જે, જે દિવસથી પરમશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી કળ ચડાવી મૂકી છે જે ફરીને પરમેશ્વરને દાખડો કરવો પડે નહીં અને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે, એવો ફેર ચડાવી મૂક્યો છે. તે માટે સહજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે અને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહજે જ હેત થાય છે.**

મહારાજ કહે, એવી કળ ચઢાવી દીધી છે. એક વખત પૃથ્વીનું ને જીવસૃષ્ટિનું સર્જન કર્યું પછી એ વારંવાર કરવું ના પડે. જેને કહ્યું ને કે, આસક્તિ-ડિઝાયર - પુત્રેષણા, લોકેષણા, વિત્તેષણા; એને લઈને માણસ ચોર્યાસી લાખ જન્મો લીધા કરે છે, જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરે છે. આકર્ષણ એકબીજાંનું છે - સ્ત્રીને પુરુષનું આકર્ષણ અને પુરુષને સ્ત્રીનું આકર્ષણ. અને સ્ત્રી-પુરુષને ધનનું, ખાવા-પીવાનું, હરવા-ફરવાનું આકર્ષણ; આ બધાંમાં વધારે વૃત્તિ ચોંટી જાય, જ્યારે મંદિરમાં, શ્રી ઠાકોરજીમાં, સંતોમાં પરાણે વૃત્તિ ચોંટાડવી પડે.

જેમ, સરકારે રેલવે ડિપાર્ટમૅન્ટ શરૂ કર્યું, પછી રેલવે મિનિસ્ટરે રેલવે ઍન્જિન ચલાવવા ના આવવું પડે. એની વ્યવસ્થા પ્રમાણે બધી ટ્રેનો ચાલ્યા કરે, ટાઈમસર ઊપડે ને જાય ! કરોડો માણસોની હેરાફેરી થાય છે, પણ કોઈ મિનિસ્ટરને રેલવે સ્ટેશન પર કે ઍરપૉર્ટ પર ટ્રેન કે પ્લેન સમયસર બરાબર જાય છે કે નથી જતું એવી વ્યવસ્થા કરતા જોયા છે ? એની વ્યવસ્થા જ એવી ગોઠવી હોય છે કે, તે સમયસર આવે અને જાય. જો સામાન્ય માણસોએ પોતાની બુદ્ધિથી આટલી બધી વ્યવસ્થા ઊભી કરી છે, તો આ તો સ્વયં ભગવાન છે. એમણે આમાં દખલગીરી ના કરવી પડે એટલે જીવમાં ત્રણ ઈષણાઓ - લોકેષણા, વિત્તેષણા ને પુત્રેષણા મૂકી કળ ચઢાવી દીધી છે, એટલે ભગવાનને એમાં કંઈ કરવું પડતું નથી, સહેજે સહેજે થયા કરે છે.

સ્ત્રીને પુરુષનું આકર્ષણ, પુરુષને સ્ત્રીનું આકર્ષણ છે અને તેમને બંનેને ઉત્પન્ન થયેલ પ્રજાનું આકર્ષણ છે; એને લઈને જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરે છે. જેમ કે, કોઈને દીકરાની આસક્તિ બહુ હોય અને એ મરી જાય તો પછી એ ઘરમાં જ દીકરાને ત્યાં દીકરો થઈને આવે. આમ બધાં ચકરાવામાં એવાં ફરતાં હોય છે. એમાં ભગવાનના સંબંધમાં આવી જાય, સત્પુરુષની દૃષ્ટિમાં આવી જાય તો પછી એનું બધું બદલાઈ જાય. ભગવાનનો સંબંધ થાય, ભગવાનનું દર્શન થાય, ભગવાનની સેવા થઈ જાય તો પછી એ ચકરાવામાંથી બહાર નીકળી જાય.

**તે એ હેતરૂપી જ ભગવાનની માયા છે. તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે.**

એટલે કહ્યું, 'ચિત્ત કી વૃત્તિએક હે, ચાહે હરિભજનમાં લગાવ, ચાહે વિષય કમાવ...' ભગવાન ભુલાવે એ વિષય, યાદ રાખો ! જેનાથી ભગવાન ચુકાઈ જાય, ભગવાનની આજ્ઞા ચુકાઈ જાય, ભગવાનનું ભજન ચુકાઈ જાય, ભગવાનના થઈને જીવન જીવવાનું ચુકાઈ જાય એ વિષય. જો હેતને

લઈને ચુકાઈ જાય તો એ હેત વિષય છે. પણ એ હેત જો ભગવાનને વિશે થઈ જાય, સંતને વિશે થઈ જાય તો આખો ચાર્ટ બદલાઈ જાય. એટલે ભગવાને માનવરૂપ ધારણ કર્યું. શ્રી રામ રૂપે આવ્યા, શ્રી કૃષ્ણ રૂપે આવ્યા, શ્રી સ્વામિનારાયણ ભગવાન રૂપે આવ્યા. શ્રી રામ રૂપે આવ્યા તો વાનરોને ભગવાન શ્રી રામને વિશે હેત થઈ ગયું તો વાનરો વૈકુંઠના અધિકારી થઈ ગયા. એમણે શું સાધન કર્યાં ? હૂપાહૂપ-કૂદાકૂદ કરતા હતા. ભગવાનનો અભિપ્રાય આસુરી શક્તિનો નાશ કરવાનો હતો, તો એમણે તો કંઈ ના કર્યું, ભગવાને જ બધાનો નાશ કર્યો, પણ ભગવાનના કાર્યમાં પોતે ભળી ગયા તો ભગવાન રાજી થઈ ગયા; તો બધાંમાંથી આસક્તિરહિત કરીને વૈકુંઠના અધિકારી બનાવી દીધા.

શ્રી કૃષ્ણ પરમાત્માને વિશે ગોપીઓને હેત થયું. ગોપીઓની આસક્તિ કંઈ ટળી નહોતી, પણ શ્રી કૃષ્ણ પરમાત્માને વિશે અસાધારણ પ્રેમ થઈ ગયો, શ્રી કૃષ્ણની સતત સ્મૃતિ તેમને થયા કરે. એમને સ્મૃતિ થાય એવી મૂર્તિઓ શ્રી કૃષ્ણ ભગવાને એમને બધાંને આપી. એમની સાથે રહ્યા, પ્રેમ કર્યો અને એને લઈને સ્મૃતિઓમાં ગોપીઓ ગળાડૂબ રહી તો સ્ત્રીપણાનો ભાવ છૂટી ગયો અને ગોલોકનાં અધિકારી બની ગયાં.

એમ, કાઠી, કોળી, કણબી, સઈ, સુથાર, લુહાર, મોચી, દરજી, કુંભાર આ બધાને તમે જુઓ તો તેઓ શું ભણેલા હતા ? કશી ખબર નહોતી ? કાઠીઓને મહારાજે એકાદશીનું વ્રત કરવાનું કહ્યું કે, 'પંદર દિવસે એક ઉપવાસ કરો.' બે-ત્રણ એકાદશીના ઉપવાસ કર્યા એમાં તો તેઓ અમળાઈ ગયા. તેમનાથી ભૂખ્યા જ ના રહેવાય. એકાદશીને તેઓ માણસ-મારણી કહેતા. મહારાજ કહે, 'એમ કરો, બહુ ભૂખ લાગે છે, રહેવાતું નથી તો રાજગરાનો શીરો ને રાજગરાનું બધું બનાવીને ખાવ.' એકાદશીએ ફરાળ મહારાજે શરૂ કરાવ્યું. બે-ચાર એકાદશીએ આ બધું ખાધું પછી મહારાજને કહે, 'રાજગરો ને બધું રહેવા દઈ, 'રા'ને બદલે 'બા' કરી બાજગરો કરી દો - બાજરીનો રોટલો. કાઠીઓ આવા હતા. ભૂખ્યા પણ ના રહી શકે ને નિયમ-ધરમ પાળવામાં ચુકાઈ જાય. પણ શ્રીજી મહારાજ સાથે અસાધારણ હેત હતું, મહારાજને ભગવાન માનીને એમની સાથે હેતથી જોડાયા હતા અને પરમહંસોની સાથે રહીને સેવા-ભક્તિ કરી તો અક્ષરધામના તેઓ અધિકારી થઈ ગયા.

યુવાનો એ વાનરસેના કહેવાય. પણ એવા બધા યુવાનો યોગીજી મહારાજ સાથે અસાધારણ હેતથી જોડાયા. બધા હોનહાર યુવાનો હતા. આપણામાં જોઈએ તો, વી.એસ., સનંદભાઈ, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી, પ્રેમ સ્વામીથી લઈને બધા યુવકોમાંથી ઘણાને સાધુ થવું નહોતું, ભગવાન ભજવા નહોતા, પણ યોગીજી મહારાજ સાથે અસાધારણ હેત હતું અને બાપાએ પણ એટલો પ્રેમ આપ્યો તો સતત બાપાની સ્મૃતિમાં રહેતા થયા તો તેમને સંસાર છોડવો ના પડ્યો, છૂટી ગયો. જે હેત વિષયમાં ખેંચી જાય છે એ હેત વિષય છોડીને જો ભગવાનમાં થઈ જાય તો પછી અક્ષરધામનું સુખ ભોગવતા કરી દે. તો ભગવાન અને સત્પુરુષને વિશે એવું હેત થવું જોઈએ.

શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવી કલ્યાણનો અને દેહભાવથી પર થઈ ભગવાનના ધામનો આનંદ પ્રાપ્ત કરવાનો અદ્ભુત રાજમાર્ગ ખુલ્લો કર્યો કે સંસાર છૂટી જાય. ભરત રાજાને વૈરાગ્ય થઈ ગયો તો રાજપાટ, રાણીઓ, કુંવર ને બધું છોડી દીધું, પણ અંદરના આત્મા સાથે જોડાયેલાં દયા, હેત, માયા, પ્રીતિ એ બધું છૂટ્યું નહોતું; કારણ કે, પ્રગટ ભગવાન મળ્યા નહોતા, તો મૃગલા સાથે બંધાયા ને મૃગલાનો અવતાર લેવો પડ્યો. જ્યારે આ યુવાનોને સંસારમાં રહેવા છતાં બધાનો સંસાર છૂટી ગયો. કારણ કે, ભગવાન સાથે હેત થયું, યોગીજી મહારાજ સાથે હેત થયું. યુવાનો ભણેલા-ગણેલા, ટૈલેન્ટેડ હતા, તેઓને બધી જ પ્રકારનાં પ્રલોભનો, આકર્ષણો હતાં, પણ ભગવાનના થઈને જીવન જીવવામાં, ભગવાનને અર્થે સમર્પિત થવામાં એમને કશું આડું આવ્યું નહીં. સત્પુરુષ સાથે પ્રેમ થઈ ગયો તો જગતની બધી આસક્તિઓ છૂટી ગઈ, યાદ રાખો ! સત્પુરુષને વિશે અસાધારણ હેત હોવું જોઈએ; એ કહે છે મહારાજ.

**માટે જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખીને વૈરાગ્યને પામે.**

સત્પુરુષ સાથે પ્રેમ થઈ ગયો
તો જગતની બધી આસક્તિઓ છૂટી ગઈ,
યાદ રાખો !





**ભગવાન સિવાય બીજે કોઈ જગ્યાએ રાગ નહીં
એ વૈરાગ્ય અને
મારા પ્રભુને ના ગમે એવું
મારા જીવનમાં કાંઈ રાખવું જ નથી
એ માયિક પદાર્થને વિશે દોષબુદ્ધિ.**

વૈરાગ્ય શું ? તો મારા પ્રભુને ના ગમે એવું મારે કંઈ કરવું નથી. મારા પ્રભુને ના ગમે એવો કોઈ સંગ રાખવો નથી. મારા પ્રભુને ના ગમે એવી કોઈ જગ્યાએ મારે જવું નથી, ઊઠવું-બેસવું નથી. વૈરાગ્ય એટલે ભગવાન સિવાય કોઈ જગ્યાએ રાગ ના થાય. જગતમાં વૈરાગ્યની વ્યાખ્યા શું છે ? સંસાર છોડી દીધો, ખાવાનું ના જોઈએ, કપડાં ના જોઈએ, કાંઈ જોઈએ નહીં એટલે કહે, વૈરાગી છે. ભભૂતી લગાવીને બેસે છે, કાંઈ જોઈતું નથી. એ વૈરાગ છે, એની ના નથી; પણ જે બૃહદ વૈરાગ - સાધુને 'less luggage more comfortable' તો હોવું જ જોઈએ. પ્લૅન કે ટ્રેનમાં તમે જેટલો ઓછો સામાન લઈને મુસાફરી કરશો એટલી તમને મુસાફરી સુખદાયક રહેશે, મુસાફરીનો આનંદ મળશે. એમ સાધુ 'જ્યાં-ત્યાં, જેવું-તેવું, જેમ-તેમ ચલાવી લે. તેને જ્યાં રાખો ત્યાં રહે, જ્યાં મૂકો ત્યાં બેસે. ખાવા-પીવામાં બધાંમાં ઓછામાં ઓછી ટેવો અને વધુમાં વધુ સેવા. ઓછામાં ઓછી જરૂરિયાતો હોય. શરીર ઢાંકવા કપડાં, ઠંડીમાં સ્વૅટર-ટોપી જોઈએ એવું બધું હોય, પણ એની પળોજણમાં ટાઈમ ના જાય.

યોગીબાપા સાધુઓ માટે એટલે કહેતા કે, 'ઓછામાં ઓછી જરૂરિયાતો અને ઓછામાં ઓછી ટેવો હોય તો વધુમાં વધુ ભગવાનમાં રહેવાશે, વધુમાં વધુ ભગવાનના ભક્તોની સેવા થશે, વધુમાં વધુ સ્વાધ્યાય ને ધૂન-ભજન-પ્રાર્થના થશે.' આપણે આવું રાખવાનું. અને ભગવાન ને ભગવાનના ભક્તો એ આપણા માટે બહુ અગત્યના ! ભગવાનને ભુલાવે એ વિષય અને ભગવાનથી દૂર લઈ જાય એવો સંગ એ કુસંગ કહેવાય; આ આપણે સમજી રાખીએ. ભગવાન સિવાય બીજે કોઈ જગ્યાએ રાગ નહીં એ વૈરાગ્ય અને મારા પ્રભુને ના ગમે એવું મારા જીવનમાં કાંઈ રાખવું જ નથી એ માયિક પદાર્થને વિશે દોષબુદ્ધિ. જગતની રીતે આ છોડ્યું-તે છોડ્યું-પેલું છોડ્યું ; એ વૈરાગ છે, પણ સાચો વૈરાગ્ય તો મારા ભગવાનને ના ગમે એવી કોઈ વાતનો મારે સ્વીકાર નથી, એવા કોઈની સાથે સંગ નથી, એવું કંઈ ખાવું-પીવું નથી, એવું કંઈ જોવું-બોલવું-કરવું નથી; એવું જે અંદરથી સહજ થાય એ બૃહદ વૈરાગ ! અને એટલે નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું, 'ત્યાગ ના ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાય જો...' સાચો ત્યાગ એ જ ટકે કે જેને આવો બૃહદ વૈરાગ્ય હોય. ભક્તોને વિશે અસાધારણ પ્રેમ રાખવાનો જ છે, યાદ રાખો ! પણ એ ભગવાનના છે એટલે, ભક્ત છે એટલે. બીજા ગમે તેટલા સારા હોય, પણ ભગત ના હોય તો એમને વિશે હેત ના થવું જોઈએ. ભગવાનના ભક્તો ને ભગવાનના સંતોને વિશે પ્રેમ થવો જોઈએ, તો એ અક્ષરધામનો પ્રેમ કહેવાશે. બાકી તો પ્રેમનું અંગ હોય તો ભગતમાંય પ્રેમ થાય ને કુસંગમાંય પ્રેમ થાય, પણ એ ખોટા વિષયમાં લઈ જશે.

**અને જો માયિક પદાર્થને વિષે વૈરાગ્ય ન રાખે ને ભગવાનના સ્વરૂપથી જુદા પડે તો શિવ, બ્રહ્મા અને નારદાદિક એ જેવા સમર્થ મુક્ત હોય તે પણ માયિક પદાર્થમાં તણાઈ જાય છે. તેટલા માટે ભગવાનને મૂકીને માયિક પદાર્થનો સંગ કરે તો જરૂર તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય. તે સારુ પરમેશ્વરના ભક્તને પરમેશ્વર વિના બીજે ઠેકાણે પ્રીતિ રાખવી નહીં.**

ભગવાનને ના ગમે, ભગવાન રાજી ના થાય એવી કોઈ જગ્યાએ સાંધો આપણાથી રખાય જ નહીં, એવી જગ્યાએ ઊઠબેસ નહીં કરવી. અમહિમા-ભાવફેર કરતા હોય એવાનો સંગ રખાય જ નહીં, એવાના સંગમાં બેસાય જ નહીં, એવાની વાત વિશ્વાસે કરીને મનાય જ નહીં.

બાપા વખતે ઘણા યુવકો હતા. એક યુવક હતો નાનો હતો ત્યારથી એને સ્ત્રીની આસક્તિ જ નહીં, કોઈના માટે પ્રેમ જ નહીં. પણ એ કુસંગમાં આવી ગયો, ભાવફેર-માથાકૂટમાં પડી ગયો તો સાધુ થયેલો પાછો સંસારમાં આવીને પરણી ગયો. પણ સત્પુરુષ સાથે અસાધારણ હેત હોય, ભગવાનને રાજી કરવાનો ભાવ હોય અને કુસંગ-વ્યસન તો મારાથી થાય જ નહીં, એવું લઈને મંડ્યા તો ઘણા પરણેલા હતા તે યુવાનો પણ સાધુ થઈ ગયા. આપણી સાથે વી.એસ., રતિકાકા ને બધાને તમે જુઓ, તેઓ સદ્ગુરુની પંક્તિમાં આવી ગયા. કેવા શૂરવીર યુવાનો કહેવાય ! મારા ભગવાનને ના ગમે, મારા ગુરુને ના ગમે એવી કોઈ વસ્તુમાં અમારે પડવું નથી એવી શૂરવીરતા રાખી તો સંસારમાં ગયેલા પણ સંસારથી બહાર નીકળી સાધુ થઈ ગયા. અને સંસાર છોડીને ભગવાન પાસે આવી સાધુ થયેલા પણ જો કુસંગમાં ફસાયા

તો સંસારી થઈ ગયા. એટલે મહારાજ કહે છે કે, જેવું હેત તમને ભગવાન ને સાધુને વિશે છે એવું ને એવું હેત પાછું વિષયમાં ને ચીજ-વસ્તુ-પદાર્થોમાં ના થવું જોઈએ. કારણ કે, એ વસ્તુ અભાવ લેવડાવે છે. ચીજ-વસ્તુ બીજાને મળે અને તમને ના મળે તો સત્પુરુષને વિશે ભાવફેર કરાવે, ભક્તોને વિશે ભાવફેર કરાવે એ રાગ કહેવાય, વિષય કહેવાય.

કોઈ વસ્તુને કારણે ભાવફેર ના થાય એવું નથી, પણ ત્યારે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... પ્રાર્થના કરીને જાગ્રત થવું પડે કે, આ મને જે ભાવફેર કરાવે છે એ મારો કોઈક દેહભાવ છે ને એ દેહભાવ દેખાડવા ભગવાન આવું ગતકડું કરે છે. આને આપવું-આને ના આપવું, આને લઈ જવો-આને ના લઈ જવો એવો કોઈ વહેરોઆંતરો એમને નથી, કોઈ પક્ષાપક્ષી નથી; એમને બધાંને સુખ આપવું છે. પણ સુખ આપતાં પહેલાં ચીજ-વસ્તુ-પદાર્થો દ્વારા તમને શેમાં આસક્તિ છે એનું દર્શન કરાવવા ને આસક્તિ છોડાવવા માટે તમને ભજન કરાવે. જો આસક્તિને લઈને ભાવફેર થાય ને જો ભજન ના કરીએ તો એ ભાવફેર ગાઢો થાય તો મુઝવણ આવે, તકલીફ થાય, દુઃખ આવે. તો સાધુઓ ને ભક્તોએ જાગ્રતતા એ રાખવાની કે, કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ પરિસ્થિતિમાં સંતોને વિશે ને ભક્તોને વિશે ભાવફેર ના થવો જોઈએ; તો વિષયથી બહાર નીકળી ગયા કહેવાઈશું.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન કર્યાનો વારો આવ્યો તે પ્રશ્ન કરો. પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, જીવને ભગવાનની પ્રાપ્તિ થવી તે અતિ દુર્લભ છે. અને ભગવાનની પ્રાપ્તિ થઈ ત્યારે એથી બીજો મોટો લાભ પણ નથી ને તેથી આનંદ પણ બીજો નથી, તે એવા મોટા આનંદને મૂકીને તુચ્છ પદાર્થ માટે કેમ ક્લેશને પામે છે? એ પ્રશ્ન છે.**

ભગવાનની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. એ દુર્લભ વસ્તુ આપણને મળી છે પણ એના આનંદને મૂકીને તુચ્છ પદાર્થને માટે ક્લેશને પામે છે. મને આ મળ્યું-આ ના મળ્યું, આને આ આપ્યું-મને ના આપ્યું, આને લઈ ગયા-મને ના લઈ ગયા, આને આગળ બેસાડ્યો-મને પાછળ બેસાડ્યો; આવું બધું જે થાય છે એ દેહભાવની નિશાની છે. અને એના લીધે ક્લેશ થાય. યાદ રાખો, ચીજ-વસ્તુ-પદાર્થને લીધે ક્લેશ નથી થતો, પણ ચીજ-વસ્તુ-પદાર્થની આસક્તિને લીધે સત્પુરુષને વિશે ને ભક્તોને વિશે જે ભાવફેર થાય છે એ ક્લેશ કરાવે છે.

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો, એનો ઉત્તર અમે કરીએ જે, પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડો-અવળો ડોલે છે ત્યારે ક્લેશને પામે છે. અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે. અને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને ક્લેશ થાય છે.**

ભગવાનની આજ્ઞા લોપે, ભગવાનની આજ્ઞા છે : નિયમ-ધર્મમાં રહીને ભક્તિ કરવી. ભગવાને 'શિક્ષાપત્રી'માં આપેલા નિયમ, ગુરુએ આપેલા નિયમ પાળવાને બદલે પોતાની રીતે મનમુખી જ્યારે વર્તે છે ત્યારે ક્લેશને પામે છે. જેટલી આજ્ઞા લોપાય છે એટલી એને તકલીફ આવે છે, દેહભાવ એને દુઃખી કરે છે. પોતાના દેહભાવને લીધે આજ્ઞા લોપે છે. પોતાનું મનધાર્યું કરે એ આજ્ઞા લોપી કહેવાય.


**માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે છે તેટલો ક્લેશ થાય છે.**

મહારાજે 'શિક્ષાપત્રી' અને 'વચનામૃત'માં આજ્ઞા કરી કે, ત્યાગીને ત્યાગીના નિયમ પ્રમાણે રહેવું અને ગૃહસ્થોએ ગૃહસ્થના નિયમ પ્રમાણે રહેવું. એ આજ્ઞા પાળીએ તો આનંદ રહે અને ભગવાનનું સુખ, આવે આવે ને આવે જ.

**અને ત્યાગી હોય તેને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો ત્યારે તેનું બ્રહ્મચર્ય વ્રત પૂરું કહેવાય ને તેમાંથી જેને જેટલો ફેર પડે તેટલો ક્લેશ થાય છે.**

ગઢડા પ્રકરણના પહેલા 'વચનામૃત'માં કહ્યું, મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રાખવી, એ સાચું બ્રહ્મચર્ય છે. એ બ્રહ્મચર્યમાં ખામી ક્યાં

જાગ્રતતા એ રાખવાની કે,
કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ પરિસ્થિતિમાં
સંતોને વિશે ને ભક્તોને વિશે ભાવફેર ના થવો જોઈએ;
તો વિષયથી બહાર નીકળી ગયા કહેવાઈશું.





> મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં
> અખંડ રાખવી,
> એ સાચું બ્રહ્મચર્ય છે.

આવે ? તો સ્ત્રીની આસક્તિ, ધનની આસક્તિ હોય અને એના વિશે તમારી વૃત્તિ થાય તો મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાંથી હટી જાય અને જેના વિશે આસક્તિ હોય એના તરફ વૃત્તિ થાય. એટલે સ્પિરિચ્યુઅલ રીતે મનની વૃત્તિ ભગવાનમાં અખંડ રાખવી એ સ્પિરિચ્યુઅલ બ્રહ્મચર્ય અને ફિઝિકલ રીતે દેહનું પણ બ્રહ્મચર્ય રાખવું, દેહ પણ શુદ્ધ રહેવો જોઈએ.

**અને ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે, પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો ને ઋતુ સમે સ્ત્રીનો સંગ કરવો; એ આદિક જે જે ત્યાગીને અને ગૃહસ્થને નિયમ કહ્યા છે તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને ક્લેશ થાય છે. અને ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખ-દુઃખ આવે છે તે તો પોતાને કર્મે કરીને આવે છે.**

મહારાજ એ કહે છે કે, નિયમ-ધર્મમાં જેટલો ફેર પડે છે એટલો ક્લેશ થાય છે. ત્યાગીએ ત્યાગીના નિયમ-ધર્મ અને ગૃહસ્થોએ ગૃહસ્થના નિયમ-ધર્મ પાળવા. આપણને ભગવાનનો આશરો છે, પણ જેઓ ભગવાનના આશ્રિત જ નથી, ભગવાનની સન્મુખ નથી-જેને વિમુખ કહેવાય; એવા જીવોને માટે ભગવાન કર્મફળ પ્રદાતા છે. જેવું કર્મ કરે એવું ફળ મળે.

આપણે એક દાખલો જાણીએ છીએ. જરાસંઘે મથુરા ઉપર બે વખત ચઢાઈ કરી પણ જીત્યો નહીં, એટલે હારીને પાછા જતું રહેવું પડ્યું. પછી એને કાળયવન મળ્યો. તે અસુર હતો, બહુ બળવાન હતો. નોર્થમાંથી કાળયવને અને સાઉથમાંથી જરાસંઘે એમ બે બાજુએથી લશ્કરે મથુરા ઉપર ચઢાઈ કરી. શ્રી કૃષ્ણ ભગવાન સુધી પહોંચતાં પહેલાં બેઉ અસુરો ભેગા થઈને મથુરાનો કચ્ચરઘાણ કાઢી નાખે, હજારો માણસો મરી જાય. જ્યારે ભગવાન તો સર્વનું હિત ઇચ્છે, તેથી શ્રી કૃષ્ણ પરમાત્મા મથુરાથી ભાગી નીકળ્યા. સામેના પક્ષે ખબર પડી કે, શ્રી કૃષ્ણ પ્રભુ તો મથુરા છોડીને ભાગી ગયા છે, એટલે તેમને થયું કે, આપણે તો કૃષ્ણને જ મારવા છે તો હવે મથુરા ઉપર ચઢાઈ કરવાનો કોઈ મતલબ નથી. એટલે કાળયવન દસ-બાર સૈનિકોને લઈને શ્રી કૃષ્ણની પાછળ પડ્યો. આગળ શ્રી કૃષ્ણ ભગવાન અને પાછળ કાળયવન. એક ગુફામાં એક ઋષિ ઘણાં વર્ષોથી પદ્માસન વાળી ધ્યાન કરતા હતા. શ્રી કૃષ્ણ પરમાત્મા તે ગુફામાં જઈને ઋષિની પાછળ ગુફામાં સંતાઈ ગયા. પેલો કાળયવન ગુફામાં પેઠો અને બૂમો પાડી. ઋષિ તો ઊંડા ધ્યાનમાં હતા તેથી કંઈ બોલ્યા નહિ એટલે ગુસ્સે થઈને એણે ઋષિની દાઢી ખેંચી. ઋષિ ધ્યાનમાંથી ઊઠી ગયા ને બોલ્યા કે, 'કોણ મૂવો છે ? કોણ બળ્યો છે ?' તેની સાથે જ કાળયવન ભડભડ સળગી ભસ્મ થઈ ગયો. પછી ઋષિ શ્રી કૃષ્ણ ભગવાનને કહે, 'પ્રભુ, તમે તો સમર્થ છો, તમે આને મારી શકત, તો મારા સુધી તેને શું કામ લઈ આવ્યા ?' ત્યારે શ્રી કૃષ્ણ કહે, 'ઋષિ, અમે કર્મફળ પ્રદાતા છીએ, જે જેવું કર્મ કરે તેવું ફળ તેને મળે. આ કાળયવન ગયા જન્મમાં મહાન તપસ્વી માણસ હતો, એની પાસે એટલું બધું પુણ્ય છે કે, અત્યારે જે પાપ કરે છે એના કરતાં અનંતગણાં પાપ કરે, ગમે એટલું અનિષ્ટ વર્તે તો પણ એનું પુણ્ય ખલાસ થાય એવું નહોતું. પણ એણે તમારા જેવા ઋષિને દુભવ્યા એટલે એનું પુણ્ય તળિયાઝાટક થઈ ગયું અને એ ખલાસ થઈ ગયો.

અત્યારે ઘણા સમૃદ્ધિવાનોને જોઈને ઘણાને એમ થાય કે, તેઓ કશું પુણ્યદાન કરતા નથી ને છતાં એમની પાસે આટલા બધા પૈસા છે, સુખસાહ્યબી છે ; પણ ગયા જન્મે તેઓ ઘણાં પુણ્ય કરીને આવ્યા હશે. એ ગયા જન્મનું પુણ્ય તેઓ અત્યારે ભોગવી રહ્યા છે. પણ આ જન્મે જો સત્સંગ નહીં કરે, સંતોની સેવા નહીં કરે તો પછી એ પુણ્ય ખલાસ થઈ જશે એટલે આવતા જન્મે પાછા આંટા-ફેરા કરતા થઈ જશે. એટલે મહારાજે કહ્યું કે, સત્સંગીમાત્રનો ગમે ત્યારે દેહ પડે તો પણ આપણો આવતો જન્મ તો સારામાં સારો મળવાનો, લખી રાખો ! આપણે તો સાધુ થયા સિવાય કશું જોઈતું નથી. ભગવા હૃદયના સાધુ સિવાય કોઈ મોટી ઉપાધિ છે જ નહીં; એટલે મહારાજ કહે છે, સત્સંગી નથી, આશરાવાળા નથી, ભગવાનના ભગત નથી એમને માટે ભગવાન કર્મફળ પ્રદાતા છે. તેઓ જેવું કર્મ કરે એવું પામે.

**અને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે.**

હું ઘણી વખત મારી વાત કરું છું. ભગવાનના ભક્તોને દુભવીએ તો દુઃખ થાય છે. અટલાદરામાં અમે એક ભગતને માર્યો હતો. અટલાદરા મંદિરે અમે દર્શન કરવા ગયા હતા. ત્યારે તો બી.એ.પી.એસ. સંસ્થાનો આટલો બધો વિકાસ નહોતો. આડે દિવસે તમે જાવ તો બે-પાંચ હરિભક્તો આવતા હોય, મંદિરમાં ચાર-પાંચ સાધુઓ હોય અને બે-ચાર કાર્યકર્તાઓ હોય, રસોઇયા હોય. વલ્લભવિદ્યાનગરથી અમે બે-ત્રણ મિત્રો વડોદરા થઈ અટલાદરા મંદિરે દર્શને ગયેલા. ત્યારે મને શોખ એટલે ચંપલ સ્પેશ્યલ સિવડાવેલાં. એ નવાં નવાં ચંપલ અટલાદરા મંદિરે નીચે પગથિયાં પાસે કાઢીને, ઉપર જઈ દર્શન કરી, ધૂન કરી પંદર-વીસ મિનિટ પછી અમે નીચે આવ્યા. નીચે આવ્યા તો મારાં ચંપલ ગૂમ. થયું કે, કોઈ માણસોની અવરજવર નથી તો ચંપલ જાય ક્યાં ? કોઈ બહારના તો આવ્યા નથી. એનો અર્થ કે મંદિરનો કોઈ સ્ટાફ ચોરી કરનાર છે. એમાં એક સફેદ કપડાંવાળા ભગતની હિલચાલ ઉપર અમારું ધ્યાન ગયું. એમની હિલચાલ એવી લાગી. એટલે પછી એમને પાણીની ટાંકી નીચેની રૂમમાં લઈ ગયા અને પાછળ બરડામાં બે-ચાર ડંડા માર્યા તો બોલી ગયા કે, 'મેં ચંપલ લીધાં છે.' પછી એમની રૂમમાં ગયા તો, કોથળો ભરીને ચશ્માંની ફ્રેમ, કોથળો ભરીને પેનો, ડાયરીઓ મળી આવી. નીચે મોટા સ્વામી, ચતુર્ભુજ સ્વામી ને બધા સંતો સાંજે ચાર વાગ્યાની સભામાં બેઠામાં હતા. અમે ભગતને ત્યાં લઈ જઈને બધા કોથળા ઠાલવ્યા. એ બધો જ સામાન મંદિરના સંતોનો હતો. ચશ્માં-પેન-ડાયરીઓ નવી નવી લાવે ને ઉપડી જાય. ત્યારે મોટા સ્વામી કે જેઓ મહંત હતા તેઓ બોલ્યા, 'આવા ને આવા ક્યાંથી ભરાયા છે, મંદિરમાં તકલીફ કરે છે.' એટલે મને એમ થયું કે, આ મોટા સ્વામી નાખુશ છે, આ સંતો નાખુશ છે તો આ ભગતને મંદિરમાંથી રવાના કરી દઈએ. એટલે અમે એ ભગતને મારતાં મારતાં મંદિરના દરવાજાની બહાર મૂકી આવ્યા. એ ભગત ત્યાંથી જતા રહ્યા. એટલું સારું થયું કે, એ ઘરે ના ગયા, વડતાલ ગયા. આપણને તો થાય કે, મંદિરનું સારું કામ કર્યું, મંદિરનું શુદ્ધિકરણ કર્યું. પણ પછી જુઓ આ જશભાઈની દશા ! પેલા ભગતને માર્યા એટલે નહિ, પણ એને કાઢી મૂક્યા એટલે એ દુખાયા હશે. પછી એ વાત ગઈ યોગીબાપા પાસે. ત્યારે બાપા બોલ્યા કે, 'એને કાઢી નહોતો મૂકવાનો.' આ સમાચાર મને વલ્લભવિદ્યાનગરમાં મળ્યા કે, બાપા એવું બોલ્યા કે, 'કાઢી નહોતો મૂકવાનો.' હું તો ઊંડો જ ઊતરી ગયો. 'બાપાને ના ગમ્યું આ !' અને જુઓ, થોડા દિવસ પછી ફરીથી અટલાદરા સમૈયામાં જવાનું થયું. સમૈયા પછી બધા વિખરાયા. અટલાદરા મંદિરે ટાંકીની એ જ ઓરડીમાં જ્યાં એ ભગતને માર્યા હતા, એની પાછળ ગોરસ આંબલીનું ઝાડ હતું. મને ગોરસ આંબલી બહુ ભાવે. એ ઝાડની ડાળી ઓરડીની બારી આગળ હતી, એટલે મને થયું, સહેજ ઉપર ચઢી ગોરસ આંબલી તોડી લઈએ. એ તોડવા હું ત્યાં ગયો ને મેં બૅલેન્સ ગુમાવ્યું ને ઉપરથી નીચે ધડાક દઈને પડ્યો. બેઉ પગે ફ્રેક્ચર થયું ને બે મહિનાનું પ્લાસ્ટર થયું. પછી સોખડા રહ્યો. ત્યારે કૃપા કરીને ત્રણ વખત બાપા દર્શન આપવા પધાર્યા. ત્યારે બાપાએ મને કહ્યું, 'ભગતજી મહારાજનું જીવન ચરિત્ર' વાંચવું અને ધૂન કરવી.' ભગતજી મહારાજનું જીવન ચરિત્ર વાંચતાં વાંચતાં આ વસ્તુ મારા ધ્યાનમાં આવી કે, ભગવાનના ભગતને, ભગવાનના સાધુને દુખવીએ તો દુઃખ આવે જ. ત્યારે હું વિચારમાં ઊંડો ઊતરી ગયો કે, આ ભગતને દુખવ્યો એટલે ભગવાને આ ને આ જન્મે મારું એ પ્રારબ્ધ ઓગાળી દીધું. બે મહિના મેં ગામના બધા યુવકો સાથે સખત ધૂન-ભજન ને કથા-વાર્તા કર્યાં. સાંજ પડે મને ઊંચકીને બહાર લૉબીમાં લઈ આવે ને પછી બધા યુવકો બેઠા બેઠા ગોષ્ઠિ કરીએ. ત્યારે મને હૈયામાં પરમ શાંતિ થઈ, શ્રીજી મહારાજ અને બાપા કેવા કૃપાળુ કે બે મહિનાની બીમારીમાં મારું પ્રારબ્ધ આ જ જન્મે ધોઈ નાંખ્યું. કેટલું સસ્તું કામ થયું. દુઃખમાં અપાર આનંદની અનુભૂતિ થઈ, શાંતિ થઈ ગઈ. અને ત્યારથી નિયમ લીધો કે, કોઈને વઢીએ ખરા, પણ દુખાય એવું નહીં કરવું.

ભગવાનના ભક્ત દુખાય એવું ના કરો. તમે ગમે એટલા પાવરફુલ હોવ, ગમે એટલી આવડત-હોશિયારીવાળા હોવ, પણ પ્રારબ્ધ ઊભું ના કરવું હોય તો ભગવાન ને ભગવાનના ભક્તોને દુખી નહીં કરતા. અને એટલે અડધો કલાકનું ભજન કરી લેવાનું. બાપાએ એટલે આજ્ઞા આપી કે, અડધો કલાક તો ધૂન કરજો, કરજો ને કરજો. શાથી ? કે તમારા બોલવા - ચાલવા - ફરવાથી કોઈ દુખાયા હોય કે આજ્ઞા લોપાઈ હોય તો લાંબું પ્રારબ્ધ ઊભું થાય એ પહેલાં તે ને તે દિવસે ધોવાઈ જાય. એટલે આપણને કોઈ તકલીફ ના પડે. કોઈ ક્લેશ કે દુઃખ ના આવે. હસતા રમતા ધામરૂપ રહેતા થઈ જવાય.

**જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.**

જેટલું સુખ થાય એ ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે, ભગવાનના ભક્તોની સેવા કરીને થાય છે. આપણને પેલી કળમાંથી બહાર કાઢ્યા છે, પણ આપણે અખંડ આનંદપૂર્વક પ્રભુના ધામનો આનંદ મેળવવો હોય તો એમની આજ્ઞામાં રહીએ. ભગવાનના ભક્તોની ગુણગાન, મહિમા, સુહૃદભાવ રાખી થાય એટલી નિર્દોષભાવથી સેવા કરીએ તો ગમે એવો દેહભાવ, ગમે એવી ચવડ જેવી પ્રકૃતિ-સ્વભાવ હશે તો મહારાજ એ જોતા નથી ને બદલી નાખશે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆